# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


Ref no. PN 2025-26/245 Dt. 12/12/2025

તંત્રીશ્રી, ___________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

———————————————————————————————————————

## ચેમ્બરના પ્રતિનિધિ મંડળની બારડોલી ખાતે સ્વરાજ આશ્રમ, બારડોલી પ્રદેશ ચેમ્બર ઓફ કોમર્સ અને ખેડૂત સહકારી ખાંડ ઉદ્યોગ મંડળી લિમિટેડની મુલાકાત

**સુરત:** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના પ્રતિનિધિ મંડળે શનિવાર, તા. ૬ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ બારડોલી ખાતે આવેલ સ્વરાજ આશ્રમની મુલાકાત લીધી. આ આશ્રમમાં સરદાર વલ્લભભાઇ પટેલના નેતૃત્વ હેઠળ થયેલા ઐતિહાસિક બારડોલી સત્યાગ્રહ વિષે વિગતવાર માહિતી મેળવી હતી.

સ્વરાજ આશ્રમમાં મુકાયેલા સ્વાતંત્ર્ય સેનાનીઓના ફોટોગ્રાફ્સ, પુરાવાઓ, દસ્તાવેજો અને સ્મૃતિચિહ્નોએ પ્રતિનિધિ મંડળને ભારતીય સ્વાતંત્ર્ય આંદોલનની ઝાંખી કરાવી હતી. આશ્રમના માર્ગદર્શકોએ સત્યાગ્રહની પરિસ્થિતિ, ખેડૂત આંદોલનની અસરકારકતા અને સરદાર પટેલની સંગઠનશક્તિ વિશે વિસ્તૃત જાણકારી આપી હતી. આ મુલાકાતે પ્રતિનિધિ મંડળને ઐતિહાસિક ચેતના સાથે રાષ્ટ્રવાદી ભાવના અનુભવવાનો અવસર આપ્યો હતો.

સ્વરાજ આશ્રમ પછી ચેમ્બરના પ્રતિનિધિ મંડળે બારડોલી પ્રદેશ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીની મુલાકાત લીધી હતી. બારડોલી પ્રદેશ ચેમ્બરના હોદ્દેદારોએ સ્થાનિક ઉદ્યોગો, ખેતી આધારિત એમ.એસ.એમ.ઇ. ઉદ્યોગોની વિકાસ યોજનાઓ, માર્કેટિંગની તક તેમજ સ્થાનિક બિઝનેસની ઇકો સિસ્ટમ વિષે વિસ્તૃત સમજણ આપી હતી. ચેમ્બરના પ્રતિનિધિમંડળે બારડોલીના ઉદ્યોગકારો સાથે મળીને વિસ્તારના આર્થિક વિકાસ માટે સહયોગ વધારવાની પ્રતિબદ્ધતા દર્શાવી હતી.

ત્યારબાદ ચેમ્બરના પ્રતિનિધિ મંડળે બારડોલી ખાતે ખેડૂત સહકારી ખાંડ ઉદ્યોગ મંડળી લિમિટેડની મુલાકાત લીધી હતી. મંડળીના હોદ્દેદારોએ કાપણીથી લઇને પેકેજિંગ સુધીની શેરડી પ્રોસેસિંગની સંપૂર્ણ પ્રક્રિયા વિષે ચેમ્બરના સભ્યોને વિગતવાર માહિતી આપી હતી. પ્રતિનિધિ મંડળે શેરડી રિસીવિંગ યાર્ડ ક્રશિંગ યુનિટ્સ, ગુણવત્તા નિયંત્રણ લેબ અને પેકેજિંગ યુનિટની માહિતી મેળવી હતી.

ચેમ્બરના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ ઉપરોકત ઇન્ડસ્ટ્રીયલ વિઝીટનો હેતુ સમજાવતા જણાવ્યું હતું કે, ચેમ્બર દ્વારા સમયાંતરે આયોજિત ઇન્ડસ્ટ્રીયલ વિઝીટોનો મુખ્ય હેતુ સભ્યોને વિવિધ ઉદ્યોગો, ઐતિહાસિક સંસ્થાઓ અને વ્યવસાયિક સંગઠનોની કાર્ય પદ્ધતિનો વાસ્તવિક અનુભવ કરાવવાનો છે.

બારડોલીની આ મુલાકાતે સ્વાતંત્ર્ય આંદોલનનો ઐતિહાસિક વારસો, સ્થાનિક ચેમ્બર સાથેનો વેપારી સહકાર અને કૃષિ આધારિત ખાંડ ઉદ્યોગની કામગીરી–આ ત્રણેય ક્ષેત્રો અંગે સભ્યોની સમજ વધારે મજબૂત બની છે. ચેમ્બરનું ધ્યેય સભ્યોને સતત જ્ઞાન, કનેક્ટિવિટી અને વિકાસના અવસરોથી જોડવાનું છે અને આવી ઇન્ડસ્ટ્રીયલ વિઝીટો તેનું ઉત્તમ સાધન છે.